# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-11-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. વિવિધ માર્ગ પરિયોજના માટે ગુજરાતને કેન્દ્ર સરકાર તરફથી 20 હજાર કરોડ રૂપિયા ફાળવવા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીની ખાતરી
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વલસાડમાં રાજ્ય સરકારની 12-મી ચિંતન શિબિરનો પ્રારંભ કરાવ્યો.
3. ગીર સોમનાથમાં કાર્તિક પૂર્ણિમા મેળાનો આજથી શુભારંભ
4. અમદાવાદને રાષ્ટ્રમંડળ રમતની યજમાની આપવાના નિર્ણયને રાજ્યભરમાંથી વ્યાપક આવકાર
5. પાટણનાં વિદ્યાર્થિની ભાર્ગવી ભગોરાએ રાજસ્થાનમાં રમાયેલી ખેલો ઇન્ડિયાની તીરંદાજી સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# NITIN GADKARI STATE

કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ રાજ્યને રાજમાર્ગ સહિતની અન્ય પરિયોજના માટે કેન્દ્ર સરકાર તરફથી 20 હજાર કરોડ રૂપિયા આપવા માટે ખાતરી આપી છે. ગાંધીનગરમાં રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાઓની સમીક્ષા કરવા યોજાયેલી બેઠકમાં શ્રી ગડકરીએ રાજ્યમાં ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ સત્તામંડળ – NHAIની રાજમાર્ગ સહિતની અન્ય પરિયોજનાઓની સમીક્ષા કરી.

શ્રી ગડકરીએ અધિકારીઓ અને ઈજારદારોને રસ્તાઓની ઉચ્ચ ગુણવત્તા સુનિશ્ચિત કરવાની પણ તાકીદ કરી. સાથે જ તેમણે માર્ગના નિર્માણ અને સમારકામમાં નાગરિક સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા પર પણ ભાર આપ્યો. આ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ-મુંબઈ, રાજકોટ—ગોંડલ—જેતપુર, અમદાવાદ—ઉદયપુર માર્ગના પ્રગતિ હેઠળના કામ ઝડપથી પૂર્ણ કરાવવા પણ શ્રી ગડકરીને રજૂઆત કરી હતી.

ત્યારબાદ શ્રી ગડકરીએ સુરતની મુલાકાત દરમિયાન મહાનુભાવોની રજૂઆતને ધ્યાને લઈ પલસાણા અંડરપાસ બનાવવા માટેની તેમણે ખાતરી આપી.

આ ઉપરાંત શ્રી ગડકરીએ સુરતથી વલસાડ  સુધીના રાષ્ટ્રીય ધોરીમાર્ગ 48 પર ચોમાસામાં કરાયેલા કામનું નિરીક્ષણ કર્યું.

-------------

# CHINTAN SHIBIR VALSAD

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની સ્થાપનાના 75 વર્ષની ઉજવણીનો વર્ષ 2035માં આવનારો પ્રસંગ વિકસિત ભારત – વિકસિત ગુજરાત માટે સીમાચિહ્ન બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. વલસાડના ધરમપુરમાં શ્રીમદ્ રાજચંદ્ર મિશન ખાતે રાજ્ય સરકારની 12-મી ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે જે જવાબદારી મળી તેની નિષ્ઠાથી નિભાવવા પર ભાર આપ્યો. તેમણે આ ચિંતન શિબિરથી સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસનો ધ્યેય પાર પડ્યો હોવાનું પણ જણાવ્યું. આ સાથે જ વધુ તેજ ગતિ અને શ્રેષ્ઠતા તરફ સાથે મળીને આગળ જવાનું મંથન આ ત્રણ દિવસની શિબિરમાં કરાશે તેમ તેમણે ઉંમેર્યું.

ઉલ્લેખનીય છે કે, આ શિબિરમાં ક્ષમતા નિર્માણ અને મૂલ્યાંકન, પોષણ અને આરોગ્ય, હરિત ઊર્જા અને પર્યાવરણ, જાહેર સલામતી, સેવા ક્ષેત્રમાં વૃદ્ધિ વિષય પર સામૂહિક ચિંતન અને મંથન કરાશે.

-------------

# Paani Purvatha Samiti Bethak-Banaskantha

ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ માટેની સમિતિએ ઉત્તર અને મધ્ય ગુજરાતના અભ્યાસ પ્રવાસનો પ્રારંભ કર્યો. સમિતિએ અંબાજી ખાતે બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લીના પાણી પુરવઠા વિભાગના ક્ષેત્રીય અધિકારીઓ સાથે બેઠક યોજીને વિવિધ કામગીરીની સમીક્ષા કરી.

સમિતિના પ્રમુખ અભેસિંહ તડવીએ કહ્યું કે આગામી સમયમાં અંબાજી જૂથ યોજના કાર્યરત થતા ડુંગરાળ વિસ્તારના 30 ગામને પાણીનો લાભ મળશે.

(બાઇટ –અભેસિંહ તડવી –ધારાસભ્ય )

-------------

# Railway - Poonam Madam

કેન્દ્રીય મંત્રીમંડળે દેવભૂમિદ્વારકાથી કાનાલૂસ સુધીના રેલવે ડબલિંગને મંજુરી આપી છે. તેનાથી દ્વારકા આવતા યાત્રાળુઓને લાભ થશે. આ અંગે જામનગરનાં સાંસદ પૂનમબેન માડમે કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો.

(બાઇટ- પૂનમ માડમ –સાંસદ –જામનગર)

-------------

# SIR -OVERALL

રાજયભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – SIR પ્રક્રિયા પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે સુરેન્દ્રનગરમાં લીંબડી મામલતદાર કચેરી ખાતે મતદારોના આધાર-પુરાવા મેળવવા આ

શનિવારે અને રવિવારે વિશેષ શિબિર યોજાશે. મતદારોને ગણતરી પત્રક ભરાવવામાં મદદરૂપ થવા અને તેમને વધુ સરળતા પૂરી પાડવા સુવિધાઓ અપાશે.

મહીસાગરના તમામ વિધાનસભા મતવિસ્તારમાં પણ યોજાનારી શિબિરમાં સવારે 10 થી સાંજે 5 વાગ્યા સુધી મતદારો ગણતરી પત્રક ભરીને જમા કરાવી શકશે.

ઉલ્લેખનીય છે કે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હારિત શુક્લાની સૂચના મુજબ શનિવારે અને રવિવારે રાજ્યના તમામ 182 વિધાનસભા મતવિસ્તારમાં તાલુકાસ્તરની આ શિબિર યોજાશે. તેમાં મામલતદાર, પ્રાન્ત કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહીને મતદારોને મદદ કરશે. શ્રી શુક્લાએ આ શિબિરનો મહત્તમ લાભ મેળવી ગણતરીપત્રક ભરીને સુપરત કરવા લોકોને અપીલ કરી છે.

-------------

# DUDHSAGAR DAIRY ELECTION

મહેસાણાની દૂધસાગર ડેરીમાં નિયામક મંડળની ચૂંટણી હવે નહીં યોજાય. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, ચૂંટણી માટે ઉમેદવારીપત્ર ભરવાના અંતિમ દિવસે આજે તમામ 15 બેઠક બિનહરીફ જાહેર થઈ છે. આ પહેલા સાત ડિસેમ્બરે આ ચૂંટણી યોજાવાની હતી.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# KARTIK PURNIMA MELO

ગીરસોમનાથમાં કાર્તિક પૂર્ણિમા મેળાનો આજથી પ્રારંભ થયો છે જેપહેલી ડિસેમ્બર સુધી ચાલશે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા સદભાવનામેદાનમાં યોજાનારા આ મેળાનો આજે જુનાગઢ રેન્જ પોલીસ વડા નીલેશ જાજડિયાએ શુભારંભ કર્યો.

સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ જણાવ્યું કે, વર્ષ 1955થી શરૂ થયેલો આ મેળો લોકસંસ્કૃતિ, આધ્યાત્મ અને મનોરંજનનો ત્રિવેણી સંગમ છે.

**(BYTE- VIJAYSINH CHAVDA, MANAGER)**

-------------

# NARHARI AMIN COMMONWEATH

વર્ષ 2030ની રાષ્ટ્રમંડળ રમત અમદાવાદમાં યોજાવા અંગે ગ્લાસ્ગોમાં સત્તાવાર જાહેરાત થતાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં ઉત્સાહનો માહોલ છે. અમદાવાદને રાષ્ટ્રમંડળ રમતની યજમાની આપવાના નિર્ણયને રાજ્યભરમાંથી વ્યાપક આવકાર મળી રહ્યો છે.

રાજ્યસભાના સાંસદ નરહરિ અમીને પણ આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું, અમદાવાદ રમતના આયોજન માટે સંપૂર્ણપણે તૈયાર છે.

**(BYTE: NARHARI AMIN, RAJYASABHA MP)**

-------------

# SARDAR PADYATRA

રાજ્યમાં ગઈકાલે કરમસદથી શરૂ થયેલી સરદાર એટ 150 રાષ્ટ્રીય એકતા પદયાત્રાના બીજા દિવસે આણંદના આસોદર ખાતે સરદાર ગાથા કાર્યક્રમ યોજાયો. તેમાં તમિળનાડુના રાજ્યપાલ આર. એન. રવિએ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના અદ્વિતીય યોગદાન પર પ્રકાશ પાડ્યો. તેમણે જ્ઞાતિ--વર્ગ, ક્ષેત્ર કે ધર્મ પોતાના પૂર્વજોનું સન્માન ન કરનાર વ્યક્તિ ક્યારેય આગળ નથી વધતો તેમ જણાવ્યું.

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય રાજ્યમંત્રી એસ. પી. સિંગ બઘેલે સરદાર પટેલને એક ભારતના શિલ્પી અને ગાંધીજીની શક્તિના આધારસ્તંભ ગણાવ્યા.

-------------

# PATAN BRONZE MEDAL

પાટણનાં વિદ્યાર્થિની ભાર્ગવી ભગોરાએ રાજસ્થાનમાં યોજાયેલી તીરંદાજી સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વ-વિદ્યાલયનાં આ વિદ્યાર્થિનીએ જયપુરમાં ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ હેઠળ યોજાયેલી સ્પર્ધામાં આ સિદ્ધિ મેળવી છે.

વિશ્વ-વિદ્યાલયના કુલપતિ, કુલસચિવ અને શારીરિક શિક્ષણ નિયામકે ભાર્ગવી ભગોરાને અભિનંદન પાઠવ્યાં છે. સાથે જ તેમનાં પ્રદર્શનને મહેનત, શિસ્ત અને રમતમાં તેમની લગનનું પરિણામ ગણાવ્યું. વિશ્વવિદ્યાલયે જણાવ્યું, ભાર્ગવીની આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બની રહેશે.

-------------

# IMD WEATHER

રાજ્યમાં આગામી ત્રણ દિવસ ઠંડીમાં વધારો થવાની શક્યતા નહીંવત્ છે. હવામાન વિભાગની સત્તાવાર યાદી મુજબ, ત્રણ દિવસ બાદ રાજ્યમાં લઘુત્તમ તાપમાન બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી શકે છે. હાલ રાજ્યમાં 12 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર છે. જ્યારે ભુજ અને  કંડલા વિમાનમથક પર 16, કંડલા બંદર પર 17 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

આ સિવાય અમદાવાદ, વડોદરા અને સુરતમાં 21 ડિગ્રી, ગાંધીનગર અને અમરેલી લઘુત્તમ તાપમાન 15 ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે.

-------------